અપીલ અરજી નં.૨૬૬ તા.૧૬–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૩–૧૦–૦૯ ની અરજીથી (૧) ગત વર્ષે એક બીલ્ડર ધ્વારા ભેસ્તાન જીયાવ રોડ પ્રિયંકા ગ્રીનપાર્કમાં સરકારી જમીન પર આશરે ૧૫૦ જેટલા મકાનો પરવાનગી વિના બનાવેલ તેને મહાનગરપાલિકા ધ્વારા તોડી પાડવામાં આવેલ. (૨) ઓગષ્ટ–૨૦૦૯ માં દક્ષેશ્વર મંદિર પાસે જલારામ એસ્ટેટમાં પાણીના ૧૪ જેટલા ગેરકાયદેથી થયેલા જોડાણો. સદર બન્ને મુદ્દાઓમાં જવાબદાર વ્યકિતઓ સામે કાયદેસર કાર્યવાહી થઈ છે કે કેમ? ન થઈ હોય તો કેમ? જમીન(ચોરી) પચાવવી અને પાણી ચોરી બાબતે પોલીસ ફરીયાદ કે કોર્ટ કેસ થયા છે કે નહીં? વિગેરે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૬૬/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૩–૧૦–૦૯ ની અરજીથી (૧) ગત વર્ષે એક બીલ્ડર ધ્વારા ભેસ્તાન જીયાવ રોડ પ્રિયંકા ગ્રીનપાર્કમાં સરકારી જમીન પર આશરે ૧૫૦ જેટલા મકાનો પરવાનગી વિના બનાવેલ તેને મહાનગરપાલિકા ધ્વારા તોડી પાડવામાં આવેલ. (૨) ઓગષ્ટ–૨૦૦૯ માં દક્ષેશ્વર મંદિર પાસે જલારામ એસ્ટેટમાં પાણીના ૧૪ જેટલા ગેરકાયદેથી થયેલા જોડાણો. સદર બન્ને મુદ્દાઓમાં જવાબદાર વ્યકિતઓ સામે કાયદેસર કાર્યવાહી થઈ છે કે કેમ? ન થઈ હોય તો કેમ? જમીન(ચોરી) પચાવવી અને પાણી ચોરી બાબતે પોલીસ ફરીયાદ કે કોર્ટ કેસ થયા છે કે નહીં? વિગેરે માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૬ તા.૨૧–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૩–૧૦–૦૯ ની અરજીથી (૧) ગત વર્ષે એક બીલ્ડર ધ્વારા ભેસ્તાન જીયાવ રોડ પ્રિયંકા ગ્રીનપાર્કમાં સરકારી જમીન પર આશરે ૧૫૦ જેટલા મકાનો પરવાનગી વિના બનાવેલ તેને મહાનગરપાલિકા ધ્વારા તોડી પાડવામાં આવેલ. (૨) ઓગષ્ટ–૨૦૦૯ માં દક્ષેશ્વર મંદિર પાસે જલારામ એસ્ટેટમાં પાણીના ૧૪ જેટલા ગેરકાયદેથી થયેલા જોડાણો. સદર બન્ને મુદ્દાઓમાં જવાબદાર વ્યકિતઓ સામે કાયદેસર કાર્યવાહી થઈ છે કે કેમ? ન થઈ હોય તો કેમ? જમીન(ચોરી) પચાવવી અને પાણી ચોરી બાબતે પોલીસ ફરીયાદ કે કોર્ટ કેસ થયા છે કે નહીં? વિગેરે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૬–૧૧–૦૯ ના રોજ અપીલ અરજી કરી ૨૦૦૮ માં એક બિલ્ડરે બાંધેલા ૧૫૦ મકાનની કાર્યવાહી અને ઓગષ્ટ ૨૦૦૯ જલારામનગર ખાતે ગેરકાયદેસર ૧૪ જેટલા નળ જોડાણો બાબતે માહિતી તેમજ કોઈ નિર્ણય ન મળ્યો હોવાથી અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા નહીં પૂરી પડાયેલ હોઈ ઉપલબ્ધ દફતરી રેકર્ડ આધારીત હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,